# ઓબામા-મનમોહનસિંહની વચ્ચે મંત્રણા

વોશિંગ્ટન,તા. ૨૮

જમ્મુમાં તાજેતરમાં જ થયેલા ભીષણ આતંકવાદી હુમલાના પડછાયા હેઠળ વડાપ્રધાન મનમોહનસિંહ અને અમેરિકી પ્રમુખ બરાક ઓબામા વચ્ચે વોશિંગ્ટનમાં ઓવલ ઓફિસમાં શિખર વાતચીત થઈ હતી. આ શિખર વાતચીતમાં મનમોહન સિંહે પાકિસ્તાન દ્વારા ફેલાવવામાં આવી રહેલા આતંકવાદનો મુદ્દો જોરદારરીતે ઉઠાવ્યો હતો. બીજી બાજુ બરાક ઓબામાએ ભારતની ચિંતાથી પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફને વાકેફ કરવા અને આતંકવાદી પ્રવૃત્તિ પર બ્રેક મૂકવા તેમને સૂચના આપવાની ખાતરી આપી હતી. બંને નેતાઓ વચ્ચે આશરે ત્રણ કલાક સુધી વાતચીત થઈ હતી. વાતચીત દરમિયાન અમેરિકાએ ભારતની સાથે મળીને જમ્મુમાં થયેલા ભીષણ આતંકવાદી હુમલાની નિંદા કરી હતી



અને બંને દેશોએ આતંકવાદીઓને રક્ષણ આપી રહેલા લોકોને સમાપ્ત કરવામાં એક સાથે પ્રયાસ કરવાની કટિબદ્ધતા દોહરાવી હતી.

વડાપ્રધાન મનમોહનસિંહે અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સાથે ઓવલ ઓફિસમાં વિસ્તૃત વાતચીત કરી હતી. ત્યારબાદ ભારત અને અમેરિકાએ સંયુક્ત નિવદેનમાં કહ્યું હતું કે તમામ પ્રકારના આતંકવાદની નિંદા કરવામાં આવી છે. અલકાયદા અને લશ્કરે તોયબા સહિત આતંકવાદી નેટવર્કોને તોડી પાડવા અને ત્રાસવાદીઓને રક્ષણ આપી રહેલા લોકોને સમાપ્ત કરી દેવાની કટિબદ્ધતા પણ બંને નેતાઓએ દોહરાવી હતી. ભારત અને અમેરિકાએ પાકિસ્તાનને વર્ષ ૨૦૦૮માં થયેલા મુંબઈ આતંકવાદી હુમલાના કાવતરા ખોરોને યોગ્ય સજા કરવાનીઅપીલ પણ કરી હતી. બંને નેતાઓ વચ્ચેની વાતચીતમાં અન્ય ઘણા મુદ્દાઓ છવાયા હતા. બેઠક બાદ ઓબામાએ વડાપ્રધાન માટે બપોરના ભોજનની વ્યવસ્થા કરી હતી. બેઠક પહેલાં ભારતીય અધિકારીઓએ કહ્યું હતુ કે લશ્કરે તોયબા અને તેના લીડર હાફિઝ સઈદના મુદ્દાને ચગાવવામાં આવશે. સંયુક્ત નિવેદનમાં બંને નેતાઓએ આતંકવાદ, સાઈબર, આંતરિક્ષ અને વૈશ્વિક આરોગ્ય સુરક્ષાના ક્ષેત્રમાં ૨૧મી સદીના પડકાર ઉપર ધ્યાન આપવા સહકાર કરવાની વાત પણ કરી હતી. સુરક્ષા સહકારને વધારવામાં આવશે. આતંકવાદના ખતરા ઉપર ઘેરી ચિંતા વ્યક્ત કરતા ઓબામા અને સિંહે કઠોર પગલાં લેવાની પણ વાત કરી હતી. ઓબામા અનો મનમોહનસિંહ વચ્ચે ઓવલ ઓફિસમાં આશરે ૧ કલાક સુધી ચર્ચા ચાલી હતી. સંયુક્ત નિવેદનમાં આ નેતાઓએ મુંબઈ હુમલાખોરો સામે કાર્યવાહી કરવા પાકિસ્તાનને કહ્યું હતું. મુંબઈ હુમલામાં છ અમેરિકનો સહિત ૧૬૬ લોકો માર્યા ગયા હતા અને સૈંકડો લોકો ઘાયલ થયા હતા. આતંકવાદ વિરોધી વિસ્તારો, સાઈબર સ્પેસ જેવા ક્ષેત્રોમાં પડકારોને પહોંચી વળવાના

### કયા મુદ્દા ઉપર ચર્ચા....

વડાપ્રધાન મનમોહનસિંહ અને અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ ઓવલ ઓફિસમાં વાતચીત કરી હતી. આ વાતચીતમાં કયા મુદ્દા છવાયા તે નીચે મુજબ છે.

- આતંકવાદને ખતમ કરવા સહકાર
- આતંકવાદીઓને રક્ષણ આપનાર સામે કાર્યવાહી
- અંતરીક્ષ કાર્યક્રમને લઈને સહકાર
- વૈશ્વિક આરોગ્ય સુરક્ષા મુદ્દે સહકાર
- આતંકવાદ વિરોધી પગલાંઓ
- ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય સંબંધો
- વૈશ્વિક આર્થિક અનિચ્છિતતા
- ૨૧મી સદીના પડકારો

મુદ્દા ઉપર પણ બંને નેતાઓ ચર્ચામાં વ્યસ્ત રહ્યા હતા. આતંકવાદને નાણાંકીય મદદ ન મળે તેવા પ્રયાસો કરવા પણ કામ કરવા સહમત થયા હતા. શકમંદ આતંકવાદીઓ અંગે એકબીજાને માહિતી આપવાનો મુદ્દો પણ છવાયો હતો. વાતચીત દરમિયાન બરાક ઓબામાએ વડાપ્રધાન મનમોહનસિંહને ખાતરી આપી હતી કે ભારતની સામે સતત પાકિસ્તાન આદારિત ત્રાસવાદનો મુદ્દો તેઓપાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ સમક્ષ ઉઠાવશે. મનમોહનસિંહ સાથે વાતચીત દરમિયાન ઓબામાએ આ ખાતરી આપી હતી. સિંહે કહ્યું હતું કે લશ્કરે તોયબાને જમાત અદ દાવા અને પાકિસ્તાનની પંજાબ પ્રાંત સરકાર પાસેથી જંગી સહાય મળે છે. સિંહ અને ઓબામા વચ્ચે આશરે ત્રણ કલાક ચર્ચા ચાલી હતી. ઓવલ ઓફિસમાં વાતચીત બાદ ઓબામા રેરેસ્ટ ઓફ રેર વલણ દર્શાવી મનમોહનસિંહને વિદાય આપવા માટે વ્હાઈટ હાઉસના પ્રવેશ સુધી આવ્યા હતા.

# કથુઆ-આસપાસના ક્ષેત્રોમાં હાઈ એલર્ટ :સઘન સલામતિ

### જમ્મુ-પઠાણકોટ નેશનલ હાઈવેને સીલ કરીને વધુ તપાસ હાથ ધરાઈ : પેટ્રોલીંગ અને કોમ્બિંગની પ્રક્રિયા તીવ્ર કરાઈ

શ્રીનગર,તા. ૨૮

કથુઆ અને સમ્બામાં તાજેતરમાં આતંકવાદીઓએ મોટા હુમલાને અંજામ આપ્યો હતો. કેટલાક ગામવાળા લોકોએ એવો દાવો કર્યો છે કે આ પ્રદેશમાં ઘમા આતંકવાદીઓ નજરે પડ્યા છે. ગામવાળાઓ દ્વારા આવો દાવો કરવામાં આવ્યા બાદ કથુઆ અને આસપાસના વિસ્તારોમાં મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવેલું છે. હાઈએલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. ગુરુવારના દિવસે જ બે આત્મઘાતી હુમલા આતંકવાદીઓ દ્વારા કરવામાં આવ્યા હતા જેમાં જવાનો અને પોલીસ સહિત ૧૩ લોકોના મોત થયા હતા. કેટલાક ગામવાળાઓએ આજે દાવો કર્યો હતો કે તેઓએ કથુઆ જિલ્લાના દયાલાચક વિસ્તારમાં આર્મીના યુનિફોર્મમાં કેટલાક આતંકવાદીઓને નિહાળ્યા છે. ડીઆઈજી (જમ્મુ-કથુઆ રેન્જ) શકીલ અહેમદે વિગત આપતા કહ્યુ છે કે સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. પેટ્રોલીંગની પ્રક્રિયાને તીવ્ર બનાવી દેવામાં આવી છે. જમ્મુ-પઠાણ કોટ નેશનલ હાઈવેને સીલ કરીને કથુઆ અને આસપાસના વિસ્તારોમાં હાઈએલર્ટની જાહેરાત કરાઈ છે. માહિતી મળતાની સાથે જ પોલીસ, સીઆરપીએફ, આર્મી અને અન્ય ઈન્ટેલીજન્સ સંસ્થાઓ હાઈએલર્ટ પર છે અને તપાસ ચાલી રહી છે. હજુ સુધી કોઈ પણ શકમંદો દેખાયા નથી. કોમ્બિંગ ઓપરેશન ચાલી રહ્યુ છે.

કથુઆમાં હિરાનગર અને દયાલાચક વચ્ચે એક સ્કૂલમાં આતંકવાદીઓ દ્વારા ગોળીબારના અહેવાલ પણ ખોટા સાબિત થયા છે. જિલ્લા અધિકારીઓનું કહેવું છે કે અફવાઓ તરફ ધ્યાન આપવામાં ન આવે તે જરૂરી છે. ૨૬મી સપ્ટેમ્બરના દિવસો ત્રણ આતંકવાદીઓ પોલીસ સ્ટેશનમાં ઘૂસી ગયા હતા અને જમ્મુ પ્રદેશમાં પોલીસ સ્ટેશન પર હુમલો કર્યા બાદ આર્મી કેમ્પને ટાર્ગેટ બનાવીને હુમલા કર્યા હતા.આ બે આત્મઘાતી હુમલામાં ૧૩ના મોત થયા હતા.

**કાટમાળ હેઠળ હજારો લોકો હજુ પણ ફસાયા**

# પાકિસ્તાન ભૂકંપમાં મૃતાંક વધી ૫૧૫ ઉપર પહોંચ્યો

ઈસ્લામાબાદ,તા. ૨૮

પાકિસ્તાનના બલુચિસ્તાનને હચમચાવી મૂકનાર ભૂકંપમાં મોતનો આંકડો વધીને ૫૧૫ પર પહોંચી ચુક્યો છે. બચાવ અને રાહત કામગીરી હજુ પણ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. સેંકડો લોકો ભૂકંપમાં ઘાયલ થયા છે. બચાવ ટૂકડી કાટમાળ હેઠળ ફાસયેલા લોકોને બહાર કાઢવાના પ્રયાસમાં લાગી ગઈ છે. બચાવ ટુકડી ભૂકંપના કેન્દ્ર રહી ચુકેલા અવરાન જિલ્લા સહિત અનેક દૂરગામી વિસ્તારોમાં હજુ સુધી પહોંચી શકી નથી. દરમિયાન ભૂકંપ પ્રભાવિત વિસ્તારમાં ફરી એકવાર પ્રચંડ ભૂકંપના આંચકા અનુભવાયા છે. બલુચિસ્તાનના ચીફ સેક્રેટરીએ કહ્યુ છએ કે સત્તાવાર રીતે ૫૧૫ લોકોના મોત થઈ ચુક્યા છે. સૌથી વધારે મોત અવરાન જિલ્લામાં થયા છે. અધિકારીઓ મુજબ કુદરતી હોનારતમાં ૭૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. શુક્રવારના દિવસે પણ ભૂકંપગ્રસ્ત લોકો સુધી રાહત સામગ્રી પહોંચાડવાની કામગીરી જારી રહી હતી. રાહત સામગ્રી લઈ જતા એક હેલિકોપ્ટર પર ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો જો કે આ ગોળીબારમાં કોઈને પણ ઈજા થઈ ન હતી. આ વિસ્તારમાં હેલિકોપ્ટર પર બીજો હુમલો કરવામાં આવ્યો છે. આ અગાઉ ગુરુવારના દિવસે પણ હેલિકોપ્ટર પર રોકેટ હુમલો કરાયો હતો જેમાં બચાવ ટૂકડીના અધિકારીઓ સહેજમાં બચી ગયા હતા. ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં ૧૦૦૦થી વધારે ટુકડીઓ મોકલવામાં આવી છે. એવી દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે કે ભૂકંપના કારણે ધરાશાયી થઈ ગયેલી ઈમારતોમાં હજુ પણ હજારો લોકો ફસાયેલા છે.

**બીસીસીઆઈની એજીએમમાં આજે નિર્ણય**

# શ્રીનિવાસનને બીસીસીઆઈ પ્રમુખ બનાવવા તખ્તો તૈયાર

ચેન્નઈ,તા. ૨૮

વિવાદોમાં રહેલા એન શ્રીનિવાસન ત્રીજા વર્ષ માટે પણ બીસીસીઆઈના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળે તેવો તખ્તો ગોઠવી રહ્યો છે. સુપ્રીમકોર્ટના આદેશ છતાં બીસીસીઆઈ પ્રમુખ તરીકે તેમની નિમણૂંક નિશ્ચિત દેખાઈ રહી છે. શ્રીનિવાસન બિનહરીફ ચૂંટાઈ આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આવતીકાલે એજીએમની બેઠક મળનાર છે જેમાં તમામ પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. ક્રિકેટ એશોસિએશન ઓફ બિહારના સેક્રેટરી આદિત્ય વર્મા દ્વારા દાખલ કરવામાં આવેલા કેસ અંગે સુપ્રીમકોર્ટે તેનો અંતિમ ચુકાદો આપશે ત્યાર પછી જ બીસીસીઆઈના પ્રમુખ તરીકે તેઓ તેમની ફરજ સંભાળી શકશે. તમિળનાડુના શક્તિશાળી સભ્ય શ્રીનિવાસનના હરીફ દેખાઈ



રહ્યા નથી. જાણકાર લોકોનું કહેવું છે કે એવી શક્યતા છે કે શ્રીનિવાસન બોર્ડના કારોબારી વડા તરીકે જગમોહન દાલમિયાની નિમણૂંક કરી શકે છે પરંતુ વધારાની સત્તાઓને લઈને ચર્ચા ચાલી રહી છે. સુપ્રીમ કોર્ટે કેટલાક ગંભીર પ્રકારના તારણો આપ્યા છતાં શ્રીનિવાસન અને તેમના સાથીઓ સત્તા જાળવી રાખવાની દિશામાં આગળ વધી રહ્યા છે. તેમના જમાઈ ગુરુનાથ મેયપ્પન આઈપીએલ સત્તા કૌભાંડમાં મુંબઈ પોલીસ દ્વારા ચાર્જશીટમાં નામ ધરાવે છે. આવી સ્થિતિમાં ક્રિકેટ બોર્ડના પ્રમુખ તરીકે કઈ રીતે ચાલુ રહી શકે છે તેવા તારણો સુપ્રીમે આપ્યા હતા. ગોવા ક્રિકેટ એસોશિએશન અને આંધ્ર ક્રેકિટ એસોશિએશને શ્રીનિવાસનને ટેકો આપ્યો છે. છ સાઉથ એસોશિએશન તમિળનાડુ, આંધ્ર, કર્ણાટક, કેરળ, હૈદરાબાદ, ગોવા તરફથી શ્રીનિવાસનને ટેકો મળ્યો છે. આવી સ્થિતિમાં અન્ય કોઈ ઉમેદવાર તેમની સામે મેદાનમાં આવે તેવી શક્યતા ઓછી છે. શ્રીનિવાસન પોતે પણ વિવાદના ઘેરામાં રહ્યા છે. આજે મળનારી બેઠક પર તમામની નજર રહેશે.

# નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં તેમની પ્રથમ રેલીને સંબોધશે

નવી દિલ્હી,તા. ૨૮

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી આવતીકાલે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં તેમની પ્રથમ રેલીને સંબોધન કરનાર છે. આ રેલીને લઈને ભાજપના સેંકડો કાર્યકરો ભારે ખુશખુશાલ દેખાઈ રહ્યા છે. મોદી પોતાના સંબોધનમાં યુપીએ સરકાર પર જોરદાર આક્ષેપોનો મારો ચલાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ રેલીમાં મોટી સંખ્યામાં મુસ્લિમો પણ પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભાજપની આ રેલીને સફળ બનાવવા માટે આગોતરા આયોજનના ભાગરૂપે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આ રેલી જાપાની પાર્કમાં યોજાનાર છે. રેલીના સ્થળથી મેટ્રોના રોહિણી વેસ્ટ સ્ટેશન ખૂબ નજીક છે જેથી મોટી સંખ્યામાં રેલીમાં મેટ્રો મારફતે પણ લોકોને લાવવામાં આવનાર છે. ભાજપના વરિષ્ઠનેતાઓએ અંધાધૂંધીને ટાળવા માટે પણ પ્રયાસ કર્યા છે. રવિવારે સવારે મોદી વિશાળ રેલીને સંબોધનાર છે. ભાજપના કાર્યકરોએ આ રેલીને સફળ બનાવવા માટે છેલ્લા ઘણા દિવસથી તૈયારીઓ જારી રાખી હતી. ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીને પણ મહત્વની જવાબદારી આ સંબંધમાં સોંપવામાં આવી છે. મેદાન ઉપર ચાલી રહેલી તમામ પ્રવૃત્તિ ઉપર



નજર રાખવા સ્ટેજની પાછળ એક કામચલાઉ ઓફિસ પણ બનાવવામાં આવનાર છે. નેતાઓ, વીઆઈપી લોકો, મીડિયા કર્મીઓની સુવિધા માટે ભાજપ દ્વારા ૨૦ યુવાનોની એક ટીમ રચવામાં આવી છે જે સાદા વસ્ત્રોમાં તૈનાત રહેશે.

આજે સવારે ૧૦ વાગે આ યુવાનોની ટીમ રેલીના સ્થળે પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિ ઉપર નજર રાખી હતી. પત્રકારો, વીઆઈપી પાર્કિંગ, સ્ટેજ મેનેજમેન્ટ અને અન્ય રાજ્યોથી આવનાર નેતાઓની સુવિધા માટે આ ટીમ મુખ્ય કામ કરશે. લોકોને માર્ગદર્શન આપવા માટે પણ આ ટીમને કહેવામાં આવ્યું છે. ભાજપે ૧૦ એન્ટ્રી પોઈન્ટને જુદા જુદા નામ આપ્યા છે. આ એન્ટ્રી પોઈન્ટના નામ વિકાસ દીવાલ, સમૃદ્ધિ દીવાલ, સુશાસન દીવાલ, યુવાશક્તિ દીવાલ, અત્યોદય દીવાલ, સંકલ્પ દીવાલ, વૃદ્ધસન્માન દીવાલ, સંસ્કાર દીવાલ અને સેવા દીવાલનો સમાવેશ થાય છે. દરેક વ્યક્તિને આ રેલી માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. દિલ્હી ભાજપના પ્રમુખ વિજય ગોહિલનું કહેવું છે કે લોકોને તેમના મોબાઈલ લઈ જવાની પણ મંજૂરી અપાઈ છે. સ્થળ ઉપર રોગચાળાને રોકવા માટે પણ પગલાં લેવાઈ રહ્યા છે. આ રેલીમાં હાજરી આપવા મુસ્લિમોને પણ આકર્ષિત કરવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. દિલ્હી ભાજપે રવિવારના દિવસે ટ્રેનોની ફ્રિક્વન્સી વધારી દેવા દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનને અપીલ કરી છે. મુસ્લિમોને આકર્ષિત કરવા માટે વરિષ્ઠનેતાઓને પણ રોકવામાં આવ્યા છે.

## સમાચાર ઝલક

- ♥ ભારત વિશ્વમાં મહાશક્તિ છે : બરાક ઓબામા.
- ♥ જમ્મુ કથુઆમાં આતંકવાદીઓની મુવમેન્ટ દેખાતા હાઇવે બંધ કરાયો, સેનાનું સર્ચ ઓપરેશન ચાલું.
- ♥ શહિદ ભગતસિંહની જન્મજયંતિની દેશમાં ઉજવાઇ
- ♥ દિલ્હી આસપાસ ભૂકંપનાં આંચકા અનુભવાયા, કેન્દ્રબિંદુ પાકિસ્તાનમાં.
- ♥ ઇન્દોરમાં આશારામ આશ્રમ પર બુલડોઝર ફેરવાયું, આશ્રમ સરકારી જમીન પર હતો.
- ♥ સુરતમાં વરસાદી વાતાવરણનાં પરિણામે ટેક્ષટાઇલ ઉદ્યોગને કરોડોનું નુકશાન.
- ♥ મધ્યપ્રદેશના આઇ.એ.એસ. અધિકારી પાંચ વર્ષની સજા કોર્ટે ફટાકારી.
- ♥ દિલ્હીમાં ડેન્ગ્યુ કાબુ બહાર, અત્યાર સુધી ૨૦ વ્યક્તિઓનાં મોત.
- ♥ ત્રણ વર્ષ બાદ ઐશ્વર્યા રાયે ફોટોશુટ કરાવ્યો.
- ♥ વિશ્વસુંદરીની સ્પર્ધા આજે યોજાશે.
- ♥ પાકિસ્તાનમાં ૭.૨ તીવ્રતાવાળો ભારે ભુકંપ થયો.
- ♥ પંજાબ સરકાર વિરૂદ્ધ નવજોતસિંઘ સિદ્ધુએ ઉપવાસ આંદોલન કાર્યક્રમ રદદ્ કર્યો.
- ♥ પટણામાં એમ્બ્યુલન્સ વાન સળગી.
- ♥ લતા મંગેશકરનો ૮૪મો જન્મદિન મનાવાયો.
- ♥ સંજયદત્ત પગની સારવાર માટે ૧૦ દિવસના પેરોલ પર જેલમાંથી છૂટ્યો.
- ♥ અલ્હાબાદમાં પાર્સલ ખોલતાં ધડાકો થયો, ૨ જખ્મી થયા.
- ♥ જામનગરની ઇન્કમટેક્ષની ઓફિસમાંથી રૂપિયા પાંચ લાખની ચોરી.
- ♥ રિલાયન્સ ફાઉન્ડેશન મિશન રાહત હેઠળ ઉત્તરાખંડમાં મુલાકાત લેતાં નીતા અંબાણી.
- ♥ પેટ્રોલના ભાવમાં ઘટાડાની શક્યતા.

## હિમાચલમાં આસારામની જમીન કબજે કરી લેવાઈ

નવી દિલ્હી,તા. ૨૮

સગીરા યુવતિ પર બળાત્કારના આક્ષેપોનો સામનો કરી રહેલા અને જેલમાં રહેલા આસારામની મુશ્કેલી ખતમ થાય તેવી શક્યતા દેખાઈ રહી નથી. તેમને જામીન મળવાની બાબત ખૂબ અશક્ય દેખાઈ રહી છે.

બીજી બાજુ તેમના સામ્રાજ્ય ઉપર પણ સંકટના વાદળો ઘેરાઈ રહ્યા છે. ઈન્દોરમાં તેમના આશ્રમના સ્વાગત દ્વારને તોડી પાડવામાં આવ્યો છે જ્યારે હિમાચલ પ્રદેશમાં સરકારે ટ્રસ્ટની જમીનને પોતાના કબજામાં લઈ લીધી છે. અત્રે નોંધનીય છે કે આ સરકારો અગાઉ આસારામના લોકોને દરેક પ્રકારની મદદ કરતી હતી. ઈન્દોરમાં આશ્રમના સ્વાગત દ્વારને મધ્યપ્રદેશ રોડ ડેવલોપમેન્ટ કોર્પોરેશનના અધિકારીઓએ તોડી પાડ્યો હતો. કોર્પોરેશનના અધિકારીઓના જણાવ્યા મુજબ વહીવટી તંત્રની મંજુરી લીધા વગર આ દ્વાર બનાવીને ગેરરીતિ આચરવામાં આવી હતી આના કારણે ટ્રાફિકની તકલીફ નડી રહી હતી જેથી આને તોડી પાડવાનો નિર્ણય કરાયો છે.

## નૈરોબી હુમલા બાદ લાપત્તા ૭૦ લોકોની શોધખોળ જારી

અમદાવાદ,તા. ૨૮

નૈરોબીમાં તાજેતરમાં જ થયેલા ભીષણ આતંકવાદી હુમલામાં લાપત્તા થયેલા લોકોની સંખ્યા હજુ પણ ૭૦ની આસપાસ થયેલી છે. ઇસ્લામિક આતંકવાદીઓ દ્વારા ગયા શનિવારના દિવસે આ શોપીંગ મોલમાં હુમલો કરવામાં આવ્યો હતો. કાટમાળ હેઠળ હજુ પણ તપાસ ચાલી રહી છે. કેન્યામાં રહેતા ભારતીય સમુદાયના લોકો હજુ પણ ચિંતિત બનેલા છે. સત્તાવાર રીતે મોતનો આંકડો ૬૯ મૂકવામાં આવ્યો છે જેમાં પાંચ આતંકવાદીઓનો પણ સમાવેશ થાય છે. અલકાયદા સાથે સંબંધિત અલ સબાબ દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. માર્યા ગયેલા લોકો પૈકી અડધાથી વધુ ભારતીયો હતા. જ્યારે લાપત્તા થયેલા લોકોમાં પણ ભારતીયોની સંખ્યા ખૂબ વધારે જણાવવામાં આવી છે. નૈરોબીમાં સ્વામિનારાયણ બેપ્સના એક સ્વૈચ્છિક કાર્યકર નવનીત પટેલે એક અગ્રણી અખબાર સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે લાપત્તા લોકોની શોધખોળ હજુ પણ ચાલી રહી છે.

નૈરોબીમાં આતંકવાદી હુમલા બાદ મોટી સંખ્યામાં ભારતીય સમુદાયના લોકોને બાનમાં પકડી લેવામાં આવ્યા હતા. મોડેથી લશ્કરી કાર્યવાહી કરવામાં આવ્યા બાદ આતંકવાદીઓ પૈકી પાંચને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા જ્યારે અન્યોને પકડી લેવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં મોલના ત્રણ માળ ધારાશાયી થઈ ગયા હતા. એવું જાણવા મળે છે કે કાટમાળ હેઠળ હજુ પણ મૃતદેહ મળી શકે છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બીજી બાજુ તપાસનો સિલસિલો પણ ચાલી રહ્યો છે. આવનાર દિવસોમાં મોતના આંકડાના સંબંધમાં વધુ ખુલાસો કરવામાં આવે તેવી શક્યતા છે.

## રણબીર અને કેટરીના કેફ ફરી વખત વેકેશન પર જશે

મુંબઈ,તા. ૨૮

રણબીર કપૂર અને કેટરિના કેફ થોડાક સમય પહેલા જ હોલિડે પર સ્પેન પહોંચ્યા હતા જ્યાં આ બંનેએ રજા માણી હતી. આના કારણે આ બંનેના સંબંધોને લઈને સમગ્ર બોલિવુડમાં ચર્ચા શરૂ થઈ ગઈ હતી. રણબીર કપૂર અને કેટરિના કેફ હવે ફરીએકવાર વેકેશન માણવાની તૈયારીમાં છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આ વખતે ન્યૂયોર્કમાં આ બંને રજા માણવાની યોજના બનાવી રહ્યા છે. ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં આ બંને ન્યૂયોર્કમાં વેકેશન માણવા માટે પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. બેશરમ ફિલ્મની રજુઆત બાદ યોજના બનાવવામાં આવી રહી છે. નજીકના સૂત્રોનું કહેવું છે કે રણબીર કપૂર અને કેટરિના કેફના વેકેશન કાર્યક્રમને લઈને હજુ સુધી કોઈ પણ વાત જાહેર કરવામાં આવી નથી. કેટરિના હાલમાં તેની જાહેરાત સાથે સંબંધિત કરારો પરિપૂર્ણ કરવામાં લાગેલી છે. જ્યારે રણબીર પોતાની ફિલ્મ અને જુદા જુદા શહેરોમાં પ્રમોશનને લઈને વ્યસ્ત છે. આગામી ફિલ્મના શુટિંગ માટે સામેલ થતા પહેલા તે વેકેશન માણવા પહોંચશે.

## આધાર-ફિંગરપ્રિન્ટ સ્કેનથી બેન્ક ખાતા ખોલાવી શકાશે

મુંબઈ,તા. ૨૮

આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન પાસેથી કારોબારીઓ ઘણી આશા રાખી રહ્યા છે. આધાર નંબર ઉપર આધારિત વ્યક્તિગતોની તમામ માહિતી રાખવાની રઘુરામ રાજને વાત કર્યા બાદ હવે બેંકો દ્વારા નવી વ્યવસ્થા પણ શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે બેંક ખાતું ખોલાવવા માટે આધાર અને ફિંગરપ્રિન્ટ સ્કેન પૂરતા પુરાવા તરીકે ગણવામાં આવશે. લોન અને બચત ખાતા ખોલાવવા માટે યુનિક ઓળખ સ્થિત ઇકેવાયસીની રજૂઆત કરી દીધી છે. એક્સિસ બેંકે આગામી સપ્તાહથી ૨૫ શાખાઓમાં ઇકેવાયસી ફેસિલીટી રજૂ કરવાની તૈયારી કરી લીધી છે. આધાર ડેટા બેઝના મૂલ્યાંકન માટે પેમેન્ટ કંપની વિઝા નેટવર્કનો ઉપયોગ કરતી એક્સિસ બેંક હવે નવી વ્યવસ્થા શરૂ કરવા જઈ રહી છે.

આ શાખાઓમાં ઓળખના પુરાવા અને સરનામાના પુરાવાના બદલે આધાર નંબર અને ફિંગર પ્રિન્ટ ઉપર આધારિત લોન અને થાપણ ખાતાઓ ખોલશે. આરબીઆઈએ ઇકેવાયસીને બીજી સપ્ટેમ્બરના દિવસે એન્ટી મનીલોન્ડિંગ લો હેઠળ સત્તાવાર રીતે માન્ય દસ્તાવેજ તરીકે ગણવાની જાહેરાત કરી હતી. આ ફેસીલિટીના પરિણામ સ્વરૂપે કોઈપણ વ્યક્તિ બ્રાન્ચમાં આવી શકશે અને માત્ર તેના યુઆઈડી નંબર અને ફિંગર પ્રિન્ટ સ્કેન આપ્યા બાદ ખાતું ખોલાવું શકશે. આધાર ડેટાબેઝ ઓળખ, સરનામા અને ફોટોગ્રાફના પુરાવા સંબંધિત દસ્તાવેજો રજૂ કરશે. એક્સિસ બેંકના પ્રમુખ જયરામ શ્રીધરને કહ્યું છે કે બચત ખાતા માટે અરજી ફોર્મમાં પૂરી પાડવામાં આવનાર જરૂરી માહિતી ખૂબ જ ઓછી રહેશે.

જો કે લોન પ્રોડક્ટના કેસમાં બેંક વધારાની માહિતી માંગશે. એક્સિસ બેંકની આ પ્રવૃત્તિ બાદ અન્ય બેંકો પણ આ દિશામાં આગળ વધી શકે છે. ૪થી સપ્ટેમ્બરના દિવસે ચાર્જ સંભાળ્યા બાદ રઘુરામ રાજને યુનિક આઈડી અને આધારના ઉપયોગ ઉપર ભાર મૂક્યો હતો.